અપીલ અરજી નં.૩૮૭ તા.૪–૩ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી

**ફરીયાદની હકીકતઃ–**

વિષયઃ–આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.નં.૩૩(ડુંભાલ) બ્લોક નં.૮ અંતીમ ખંડ નં.૧૩ માં આપની કચેરી ધ્વારા આપેલ શરતો સહિતના અભિપ્રાય મુજબ તેના મુદ્દાઓ મુજબના બાંધકામમાં તમામ પ્રકારે તમામ નિતી–નિયમો નેવે મુકી સંપૂર્ણ પણે જે ગેર–રીતી થયેલ છે, તેમજ ખાડીના અંદરના ભાગમાં માટી પુરાણ તેમજ તે પુરાણ ઉપર ગેરકાયદે બાંધકામ થયેલ છે અને તેમાં જે માર્જીન છોડવું જોઈતુ હોય તે છોડેલ નથી, જેથી આપે આપેલ અભિપ્રાય મુદ્દાઓ અને શરતોનો તમામ પ્રકારે ભંગ થયેલ હોઈ, સુરત મહાનગરપાલિકાના જે તે જવાબદાર અધિકારી ઓ તથા બિલ્ડર વિરૂધ્ધ આપના ધ્વારા થયેલ ફોજદારી ખાતાકીય તેમજ ફરજ અને હોદ્દાનો સંપૂર્ણ રીતે દુર–ઉપયોગ કરી કરોડોની જમીન (ખાડી) આપી દેનાર ભષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. વિ.મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ–અરજદાર મજકુરની તા.૪–૩–૧૧ ની **SMC/FAP/** નં.૩૮૭/૨૦૧૦–૧૧.

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૪–૨–૧૧ની અરજીથી મુદ્દા નં.૧ ટી.પી.નં.૩૩(ડુંભાલ) બ્લોક નં.૮ અંતીમ ખંડ નં.૧૩ માં આપની કચેરી ધ્વારા આપેલ શરતો સહિતના અભિપ્રાય મુજબ તેના મુદ્દાઓ મુજબના બાંધકામમાં તમામ પ્રકારે તમામ નિતી–નિયમો નેવે મુકી સંપૂર્ણ પણે જે ગેર–રીતી થયેલ છે, તેમજ ખાડીના અંદરના ભાગમાં માટી પુરાણ તેમજ તે પુરાણ ઉપર ગેર કાયદે બાંધકામ થયેલ છે અને તેમાં જે માર્જીન છોડવું જોઈતુ હોય તે છોડેલ નથી, જેથી આપે આપેલ અભિપ્રાય મુદ્દાઓ અને શરતોનો તમામ પ્રકારે ભંગ થયેલ હોઈ, સુરત મહાનગરપાલિકાના જે તે જવાબદાર અધિકારીઓ તથા બિલ્ડર વિરૂધ્ધ આપના ધ્વારા થયેલ ફોજદારી ખાતાકીય તેમજ ફરજ અને હોદ્દાનો સંપૂર્ણ રીતે દુર–ઉપયોગ કરી કરોડોની જમીન (ખાડી) આપી દેનાર ભષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. વિ.મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (પી એન્ડ ડી) અને જાહેર માહિતી અધિકારીના પત્ર નં.ટીડીઓ/૪૯૧૬ તા.૨૫–૨–૧૧ થી આપેલ માહિતી ખોટા જવાબ આપેલ હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા. ૪–૩–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા . વધુમાં મંજુર પ્લાન વિરૂધ્ધ બાંધકામ અંગે અરજદારે મુદ્દા નં.૧ માં નિર્દિષ્ટ વિગતે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ? તથા થયેલ હોય તો તે અંગે જવાબદાર અધિકારી ના નામ હોદ્દાની વિગતો પણ દફતરી હકીકત મોકલવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૪૧૯ તા૧૫–૩–૧૧ થી ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી નગર નિયોજક અને મ. અધિકારીના પત્ર નં.ટીપીડી/આ.નં.૪૫૯ તા.૧૫–૨–૧૧ થી નગર નિયોજક અને મ. અધિકારી શહેર વિકાસ તથા કાર્યપાલક ઈજનેર અને મ. માહિતી અધિકારી લીંબાયતઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેના મુદ્દા નં.૧ ટી.પી.નં.૩૩(ડુંભાલ) બ્લોક નં.૮ અંતીમ ખંડ નં.૧૩ માં આપની કચેરી ધ્વારા આપેલ શરતો સહિતના અભિપ્રાય મુજબ તેના મુદ્દાઓ મુજબના બાંધકામમાં તમામ પ્રકારે તમામ નિતી–નિયમો નેવે મુકી સંપૂર્ણ પણે જે ગેર–રીતી થયેલ છે, તેમજ ખાડીના અંદરના ભાગમાં માટી પુરાણ તેમજ તે પુરાણ ઉપર ગેર કાયદે બાંધકામ થયેલ છે અને તેમાં જે માર્જીન છોડવું જોઈતુ હોય તે છોડેલ નથી, જેથી આપે આપેલ અભિપ્રાય મુદ્દાઓ અને શરતોનો તમામ પ્રકારે ભંગ થયેલ હોઈ, સુરત મહાનગરપાલિકાના જે તે જવાબદાર અધિકારીઓ તથા બિલ્ડર વિરૂધ્ધ આપના ધ્વારા થયેલ ફોજદારી ખાતાકીય તેમજ ફરજ અને હોદ્દાનો સંપૂર્ણ રીતે દુર–ઉપયોગ કરી કરોડોની જમીન (ખાડી) આપી દેનાર ભષ્ટ અધિકારીઓ વિરૂધ્ધ થયેલ કાર્યવાહીની સંપૂર્ણ માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતમાં નગર રચના અધિકારીશ્રી ધ્વારા ફાળવેલ ફા.પ્લોટના માપ વિસ્તારમાં ડી.સી.આર. ની જોગવાઈ મુજબ માર્જીન છોડાવીને બાંધકામ અંગેના પ્લાનો ટીડીઓ/ડીપી/૧૪૯ તા.૨૬–૮–૧૦ થી મંજુર કરવામાં આવેલ છે. સ્થળ પર મંજુર પ્લાન વિરૂધ્ધ આંશિક ફેરફાર કરીને જે બાંધકામ કરવામાં આવી રહેલ છે તે અંગેના રીવાઈઝડ પ્લાનો મંજુરી અર્થે શહેર વિકાસ ખાતે રજૂ કરેલ છે. મંજુર થયેલ પ્લાનની નકલ નંગ–૧૦ ની નકલ મેળવવા નકલ ફી ના રૂા.૧૦૦૦/– (અંકે રૂપિયા એક હજાર પૂરા/–) શહેર

વિકાસ ખાતે ભરપાઈ ભર્યેથી નકલો આપી શકાશે. તેવું જણાવેલ છે. મુદ્દા નં. ૨ આ બાબતે આપના અભિપ્રાય સહ જે શરતોના મુદ્દાઓ મુજબ બાંધકામ થઈ રહયું છે કે કેમ? તેનું સંપૂર્ણ સુપરવીઝન કરી નિયમો વિરુધ્ધનું જો બાંધકામ થતું હોવાનું જણાય તો આવું ગેરકાયદે બાંધકામ થતું અટકાવવાનું અને આ ગેરરિતી બાબતે કાર્યવાહી કરવા તેમજ આ બાબતે તંત્રનું ધ્યાન દોરવાનું થતું હોય તેવા સક્ષમ આપના વિભાગના જવાબદાર અધિકારીના નામ અને હોદ્દા સહિતની સંપૂર્ણ માહિતી. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પ્રશ્નવાળી મિલ્કતના બાંધકામના નિયંત્રણની જવાબદારી મધ્યસ્થ શહેર વિકાસ વિભાગની રહે છે. તેવું જણાવેલ. તે ઉપરાંત જાહેર માહિતી અધિકારીને મુદ્દા નં.૧ માં નિર્દિષ્ટ વિગતે કોઈ કાર્યવાહી થયેલ છે કે કેમ? તથા થયેલ હોય તો તે અંગે જવાબદાર અધિકારીના નામ હોદ્દાની વિગતો પણ દફતરી હકીકત મોકલવા જણાવેલ તે અંગે કોઈ માહિતી મોકલવામાં આવેલ નથી. અરજદારે અપીલ અરજીમાં જાહેર માહિતી અધિકારીએ પ્લાન મેળવવા માટે ફી રૂા.૧૦૦૦/– ભરવા જણાવેલ છે તે તદ્દન ગેરકાયદેસર છે. અમોએ પ્લાન માંગેલ નથી અને ખોટા જવાબથી નિર્ણય આપેલ છે તેવું જણાવી તા.૪–૩–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે.

વિગત જોતાં મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મંજુર પ્લાન વિરુધ્ધના આંશિક ફેરફાર અંગે રીવાઈઝ પ્લાન મુકયા હોવાનું જણાવી તેની નકલ આપવા પ્રસ્તાવ કરેલ છે. અરજદારે તે ઉપાય મેળવ્યા વિના અપીલમાં રજૂઆત કરેલ છે. જે આધાર પૂર્ણ ગણાય નહીં. જાહેર માહિતી અધિકારીએ તેમાં દફતરી હકીકત આપેલ જણાય છે. પરંતુ મુદ્દા નં.૨ જે સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષાની અને નાગરિક અધિકાર પત્ર હેઠળની બાબત ગણાય. તેમાં માત્ર ખાતાનું નામ જણાવેલ છે અધિકારીનું નામ, હોદ્દો જણાવેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૪–૨–૧૧ ની અરજીથી માંગેલ માહિતી બાબતે મુદ્દા નં.૧ અંગે જાહેર માહિતી અધિકારી તરફથી દફતરી માહિતી પૂરી પડાયેલ હોઈ તેમજ રીવાઈઝ પ્લાન માટે ફી ભરપાઈ કરી આપવા તૈયારી દર્શાવેલ હોઈ તે અંગે તકરાર નથી. પરંતુ મુદ્દા નં.૨ અંગે નહીં પૂરી પાડેલ જવાબદાર અધિકારીનું નામ, હોદ્દાની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી (શહેર વિકાસ)ને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૪–૧૧

પ્રતિ,
(૧) ડે.કમિ.(પીએન્ડડી) અને જાહેર માહિતી અધિકારી ,....જાણ તથા અમલ માટે .
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ